Col Brown

# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

માસ્ટર ઑફ જૈનિઝમ્ વ્દિતીય વર્ષ - ૨

નોવ્હેંબર ૨૦૨૧
વ્દિતીય સત્ર

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૫૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) ખોટા એનરોલમેન્ટ નંબર તથા ન સમજાય એવા એનરોલમેન્ટ નંબર માટે ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૬) સમયસર તા. ૧૫ મે સુધી પેપર નહી મળે તો બીજા ૧૦ ગુણાંક ઓછા કરવામાં આવશે. (૭) નિબંધના માર્કસ્ ગ્રેડ પ્રમાણે આપવામાં આવશે (૮) જવાબ પત્ર, નિબંધમાં નામ, એનરોલમેન્ટ નંબર, વર્ષ અને સત્ર લખવુ જરુરી છે. (૯) જવાબ તત્વાર્થ સૂત્રના અભ્યાસ પુસ્તકના પ્રથમ બે અધ્યાયમાંથી લખવાનો છે.

**પ્રશ્ન -૧ ખાલી જગ્યા પુરો** ૨૫

૧. એક સિદ્ધ થયા પછી કંઈક સમય વીત્યા પછી બીજો સિદ્ધ થાય તે .................... કહેવાય છે.
૨. આત્મ સ્વરુપની વિસ્મૃતિ થવી અને પરપ્રપંચમાં પ્રવૃત્તિ કરવી તે .................... છે.
૩. અપ્રત્યાખ્યાના વરણીય કષાય ના ક્ષયોપશમથી પ્રગટ થતી અલ્પ અણુવ્રત વિરતી અને સમ્યગ્દર્શન યુક્ત અવસ્થા તે .................... અવસ્થા છે.
૪. સર્વ .................... નું લક્ષ્ય આત્મિક વિકાસ જ છે.
૫. .................... જીવાજીવાદિ તત્વનું શ્રદ્ધાન તે દર્શન કહેવાય.
૬. ધ્યાન એટલે એક વિષય માં.................... સ્થિરતા.
૭. જીવત્વ અસ્તિત્વ વિગેરે ભાવો.................. હોવા છતાં મોક્ષમાં પણ હોય છે.
૮. કર્મ ના સ્વભાવ ને ....................... કહેવાય છે.
૯. એક-અનેક, સંખ્યાત-અસંખ્યાત, અનંત પણ શરીર ભેગા મળીને જો આંખોથી જોઈ શકાય તે ...... કહેવાય છે.
૧૦. ................ મનના પરિણામે જ્ઞાનના, મોહના આવરણો તુટે છે અને આત્મા સર્વજ્ઞ વીતરાગી બને છે.
૧૧. વારંવાર...................... કરવાથી આપણે આપણુ મન અને સ્થાન ગુમાવી બેસીએ છીએ.
૧૨. ....................કર્મથી આવરેલી વ્યક્તિ પદાર્થના સાચા સ્વરૂપને ન જોઈ શકે.
૧૩. સંસારી જીવ ને કાયમી સ્થાન પામવું હોય તો ....................બનવું પડે.
૧૪. .................... ને પ્રભુ આજ્ઞા દુર્લભ છે.
૧૫. રાગ દ્વેષ થી યુક્ત છે પરંતુ સાચા........................ પણાનો કટ્ટર પક્ષપાતી હોય.
૧૬. આત્માને કોઈ પણ કર્મ ભોગવવા માટે કોઈ એક.................... નો આશ્રય લેવો પડે છે.
૧૭. જે અવસ્થા માં ક્રોધ, માન, માયા સંર્વથા ક્ષય અથવા ઉપશમ થયેલો હોય છે એક માત્ર લોભ નો અત્યંત સુક્ષ્મ અંશ રહેલો હોય છે તે અવસ્થા ................... ના નામે ઓળખાવે છે.
૧૮. આત્મ વિશુદ્ધિ નો પાયો તે ...................... ના હ્રાસ ઉપર આધારિત છે.
૧૯. મર્યાદામાં રહેલા રૂપી પદાર્થોનો સામાન્ય બોધ તે .................... છે.
૨૦. જ્યાં.................... ત્યાં જ સાચા ધર્મ માટેની યોગ્યતા કે પાત્રતા છે.
૨૧. કર્મ નો ફળ આપવાનો સ્વભાવ તે ........................ કહેવાય છે.
૨૨. ...................ગુણસ્થાને બધાજ પરિગ્રહો હોય છે.
૨૩. આત્મા.................... બને છે ત્યારે તે પોતાની સ્વાભાવિક ઉર્ધ્વગતિ કરે છે.
૨૪. ........................ માતા સંયમ નું રક્ષણ અને પોષણ પણ કરે છે.
૨૫. આત્મા ના અક્ષય સ્થિતિ ને આવરણ કરે છે....................

**પ્રશ્ન-૨ એક જ શબ્દમાં જવાબ આપો.** ૨૫

૧. બંધમાં શેની મુખ્યતા છે ?
૨. કયા દ્વારમાં અલ્પ સિદ્ધ થાય કે કયા દ્વારમાં બહુ સિદ્ધથાય તેની વિચારણા એટલે શું ?
૩. કર્મ નો આત્મા ની સાથે રહેવાનો કાળ સમય ને શું કહેવાય છે ?
૪. સર્વજ્ઞ નથી છતાં પણ એમનામાં રાગ દ્વેષ નો અત્યંત અભાવ છે તે કોણ ?
૫. શુભ-અશુભ કર્મ બંધ વિનાની કેવળ નિર્જરા એ કયા પ્રકાર ની નિર્જરા છે ?
૬. આત્મા ને કોઈ પણ કર્મ ભોગવવા માટે કોઈ એક કુદરતી ઘટના નો આશ્રય લેવો પડે છે તો એ કુદરતી ઘટના ને શું કહેવાય છે ?

૭. મન,વચન, કાયા ની અયોગ્ય પ્રવૃત્તિ તે શેનો એક વિભાગ છે ?
૮. શું કરવાથી પૂર્વોક્ત વિવેકમાં એવં ગમના ગમન ની ક્રિયા માં લાગેલ દોષોની શુદ્ધિ થાય છે ?
૯. જીવના ઇન્દ્રિયોની ભોગાસક્તિ ને કોણ ઘટાડે છે ?
૧૦. કયા કર્મ થી પૂર્વે બાંધેલા અને નવા બંધાતા પુદ્‌ગલને એક કરાય છે ?
૧૧. કયો કર્મ મધથી ખરડાયેલી તલવાર જેવું છે ?
૧૨. દુષિત આચરણ એટલે શું ?
૧૩. કયા કર્મના ઉદયથી પ્રાણીઓના શરીરમાં વિવિધ પ્રકારના સ્પર્શની પ્રાપ્તિ થાય છે ?
૧૪. દસમાં, અગ્યારમાં અને બારમા ગુણસ્થાનમાં કેટલા પરિષહ સંભવે છે ?
૧૫. સર્વ સંવરની પ્રાપ્તિ શેના વિના સંભવતી નથી ?
૧૬. અહં અને મમ ના ત્યાગ સ્વરૂપ શેનો એકજ પ્રકાર છે ?
૧૭. શેના ઉદયે જિનધર્મ તેમજ અન્ય ધર્મો પ્રત્યે રાગ, દ્વેષ ન હોય ?
૧૮. કયા મનના પરિણામે જ્ઞાન અને મોહના આવરણો તુટે છે ?
૧૯. કયા કર્મ વ્દારા હાથ, પગ, આંખ, કાન આદિ ને યથાયોગ્ય સ્થાને જોડવાનું કાર્ય થાય છે ?
૨૦. જીવ, દ્રવ્ય ની સ્વાભાવિક ગતિ કઇ છે ?
૨૧. સંયમમાં શેનાથી નિવૃતિ છે ?
૨૨. જીન પ્રવચન માં એવં ધર્મ ફળની શ્રદ્ધામાં સ્થિરતા નો અભાવ તે કયો અતિચાર છે ?
૨૩. સ્વ-પરના આત્મ કલ્યાણ હેતુથી અપાતી વસ્તુને શું કહેવાય છે ?
૨૪. સમાન પ્રદેશો ના બનેલા સ્કંધ સમુહને શું કહેવાય છે ?
૨૫. શુક્લ ધ્યાન નો પ્રથમ ભેદ શેના સહિત છે ?

**પ્રશ્ન-૩ વિવિધ ગ્રંથોની સહાયતા સાથે તમારા શબ્દોમાં ૧૦ થી ૧૫ ફુલસ્કેપ પાનાનો મહાનિબંધ લખો (કોઈ પણ એક)**

૧. ભવભ્રમણ માં મોહનીય કર્મ ની પ્રધાનતા (વ્યાખ્યા, ભેદ, પ્રકૃતિયો, કષાયોં નું સ્વરુપ આદિ)
૨. સિદ્ધ્યમાન ગતિ તથા સિદ્ધ (ગતિયોં ના સ્વરુપ, સિદ્ધ ગતિ ના હેતુ, અધિકારી, ક્ષેત્ર, અન્ય વિશેષતાયેં)
૩. અનુપ્રેક્ષા (વ્યાખ્યા, પ્રકાર, ચિન્તન મનન, જીવનશુદ્ધિ માં એમની ઉપયોગિતા)

**એમ.જે. પાર્ટ -૨ કેન્દ્રિય પરીક્ષા પ્રશ્ન-પત્ર કેવો હશે ?**

| | |
|---|---|
| પ્રશ્ન ૧ – ખાલી જગ્યા પૂરો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૨ – એક શબ્દમાં જવાબ લખો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૩ – નીચેના વાક્યો સાચા કે ખોટા જણાવો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૪ – જોડકાં જોડો | ગુણાંક ૨૦ |
| પ્રશ્ન ૫ – એક વાક્યમાં વાખ્યા લખો | ગુણાંક ૨૦ |
| કુલ | ૧૦૦ |

**નિંબધ માટે નીચે મુજબ ગ્રેડિંગ રહેશે.**

૧) ૪૦ માર્કસ્‌ની ઉપર – એ+ ૨) ૩૫ માર્કસ્‌ની ઉપર – એ ૩) ૩૦ માર્કસ્‌ની ઉપર – બી+
૪) ૨૫ માર્કસ્‌ની ઉપર – બી ૫) ૨૦ માર્કસ્ થી ઓછા – સી

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
સૌ. કાશ્મીરાબેન વિનોદ લોડાયા
શાહ ગોવિન્દજી વીરમ ફેકટરી કમ્પાઉન્ડ, મોંઢા રોડ, ઔરંગાબાદ – ૪૩૧ ૦૦૧
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com